# શહેરમાં સીએએના સમર્થનમાં રેલી

## નાગરિકતા અધિકાર સંશોધન કાયદા અંગે વિપક્ષો ભ્રામક વાતો કરી રહ્યા છે : દલસાણિયા





ગાંધીનગર, તા.૨૪

નાગરિક સંશોધન કાયદા અંગે રાજકીય હિત ધરાવતા સંગઠનો અને કેટલાક પક્ષો દ્વારા ખોટી ભ્રામક વાતો કરી અશાંતિ ઉભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમ ભાજપના પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણિયાએ આજે ગાંધીનગર ખાતે કાયદાના સમર્થનમાં યોજાયેલી રેલીને સંબોધતાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે દેશની દુર્દશા માટે કોંગ્રેસ પક્ષ જવાબદાર છે. મમતા બેનરજી પણ ખોટા નિવદનો કરી રહ્યા છે. આ બધાને વોટબેન્કની ચિંતા છે જયારે વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહ રાષ્ટ્રની મજબુતાઈ માટે કામ કરી રહ્યા છે. આ બધાને તેમની રાજકીય જમીન છીનવાઈ જતી જોઈ તેઓ ભ્રામક વાતો કરી લોકોને ઉશ્કેરી અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય હિત સમિતિ દ્વારા આજે સીએએના સમર્થનમાં એક રેલીનું આયોજન કરાયું હતું. સત્યાગ્રહ છાવણી ખાતે રેલીના આરંભે એક સભાનું પણ આયોજન કરાયું હતું. અને જેમાં જનજાગરણ માટેની વાતો કરવામાં આવી હતી.

આ તબક્કે પ્રાસંગિક ઉદબોધનમાં પ્રાંત સંઘ ચાલક ડૉ. ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે આ સમર્થન માટે જનજાગરણ અભિયાન ચલાવવા માટે સામુહિક પ્રયાસો કરવા પડશે. તેમણે કહ્યું કે જાગતો માણસ જાણી જોઈને ભૂલ કરે તો તે ભૂલ નહિ પણ પાપ છે. તેમણે રામરાજયની સ્થાપનાની દિશામાં સરકારે લીધેલું પગલું તદન વ્યાજબી અને સમયની માંગને જોઈને લેવામાં આવ્યું છે.

આ પ્રસંગે મેયર રીટાબેન પટેલે પણ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. પ્રારંભમાં રામચંદ્રભાઈ પટેલે આ રેલીનો હેતુ સાથેની પ્રસ્તાવના રજુ કરી હતી.

આ સમર્થન રેલીમાં ગાંધીનગર દક્ષિણ ધારાસભ્ય શંભુજી ઠાકોર, દસક્રોઈ ધારાસભ્ય બાબુભાઈ પટેલ, દહેગામ ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, ગાં. જિલ્લા ભાજપ

● અનુસંધાન પાન-૭ પર

# ચિલોડા-સરખેજ હાઇવેના પ્રોજેક્ટ અન્વયે ઉવારસદ જંકશનના ફલાય ઓવર પર એપ્રિલમાં વાહનો દોડતા થઈ જશે

## વાઇબ્રન્ટ ૨૦૨૧ પુર્વે સરગાસણ અને ઘ-૦ પાસે પણ ઓવરબ્રિજ તૈયાર થઇ જશે

ગાંધીનગર તા ૨૪

ચિલોડો સરખેજ હાઈવેને અનુલક્ષી માર્ગને અપગ્રેડ કરવાનુ કામ હાલ ગતિમાં ચાલી રહ્યુ છે. આ પ્રોજેકટ અન્વયે રૂટમાં સાત જેટલા ફલાયઓવરનુ નિર્માણ કરવામાં આવશે. જયારે ઘ-૦ તેમજ સરગાસણ અને ઉવારસદ ચોકડી પાસે પણ ફલાય ઓવર બનાવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ફાઉન્ડેશન તૈયાર થઈ ગયુ છે. આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૧ સુધીમાં ઈન્ફોસીટી તેમજ સરગાસણ પાસે ઓવરબ્રિજ તૈયાર કરી દેવાશે. જયારે ઉવારસદ પાસે પણ આગામી એપ્રિલ મહીના સુધીમાં ફલાયઓવર તૈયાર થઈ જશે ઓવરબ્રિજ પરથી વાહનોની અવરજવર પણ શરૂ થઈ જશે.

ચિલોડા સરખેજ હાઈવેને અપગ્રેડ કરવા માટે પુરજોશમાં કામગીરી ચાલી રહી છે. આ કામગીરીને અનુલક્ષી અંદાજિત રૂ ૬૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે આ રૂટમાં સાત જેટલા ઓવર બ્રિજ બનાવવામાં આવશે. ચિલોડાથી સરખેજ માર્ગ પર છેલ્લા ઘણાં સમયથી ટ્રાફિકનુ પ્રમાણ વિશેષ રીતે વધ્યુ છે. આ માર્ગની ક્ષમતા સામે ટ્રાફિકનુ ભારણ વધતા માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આ સ્થિતિને ધ્યાને લઈ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આ માર્ગને અપગ્રેડ કરવા માટેના પ્રોજેકટનુ કામ હાથ ધરાયુ છે. આ પ્રોજેકટને અનુલક્ષી રૂટમાં આવતા ક્રોસ રોડને અનુલક્ષી સાત જેટલા ફલાયઓવર બનાવવા માટે પણ આયોજન કરાયુ છે. જેમાં ઘ-૦ , સરગાસણ અને ઉવારસદ ક્રોસ રોડ પાસે પણ ઓવરબ્રિજના નિર્માણ સંદર્ભે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ ઓવરબ્રિજને અનુલક્ષી ફાઉન્ડેશ તૈયાર કરવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૧ પુર્વે ઘ-૦ તેમજ સરગાસણ પાસે ઓવરબ્રિજ તૈયાર કરવાનુ કામ પુર્ણ કરી દેવાશે.

જયારે આગામી એપ્રિલ મહીના સુધીમાં ઉવારસદ ચોકડી પર બ્રિજ તૈયાર કરી દેવાશે. અલબત્ત બ્રિજ પર વાહનો દોડતા થઈ જશે. હાલ આ પ્રોજેકટને અનુલક્ષી સર્વિસ રોડ બનાવાની કામગીરી પણ ચાલી રહી છે. જયારે આ પ્રોજેકટનુ કામ ઝડપથી પુર્ણ થાય તે માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી વધતી વાહનોની અવરજવરને અનુલક્ષીને વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આ માર્ગ પર અવરજવર કરવાનુ પણ માથાના દુખાવારૂપ બન્યુ છે. આવા સંજોગોમાં આ પ્રોજેકટનુ કામ પુર્ણ થયા બાદ યોગ્ય રોડનેટવર્ક ઉપલબ્ધ થશે.

# શહેરમાં ૩૫૦ જેટલા સુકા અને જોખમી વૃક્ષોનું માર્કીંગ કર્યુ

## સર્વેના અંતે સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવશે : સ્ટ્રીટ લાઇટને આડશ બનતી સુકાયેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓની કટોતી

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં ઉભા સુકા વૃક્ષોને અનુલક્ષી વનતંત્ર દ્વારા અગાઉ સર્વે હાથ ધરાયો હતો. આ સર્વે દરમિયાન સુકા અને જોખમી વૃક્ષોને માર્કીંગ કરાયુ હતુ. સુકા અને જોખમી વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થતા હોવાથી ઘણીવાર આ સ્થિતિ વચ્ચે અકસ્માત પણ થતા હોવાના કિસ્સાઓ અગાઉ ધ્યાને આવ્યા છે. સર્વેના અંતે શહેરમાં અંદાજિત ૩૫૦ જેટલા સુકા વૃક્ષો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગરમાં મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર હરિયાળા વૃક્ષોની વનરાજી છવાયેલી છે. સેકટરોમાં હરિયાળા વૃક્ષોની જાળવણી યોગ્ય થાય તે માટે સમયાંતરે ટ્રીમીંગ પણ કરવામાં આવે છે. હાલ પણ સેકટરોના એપ્રોચ રસ્તા તેમજ આંતરિક માર્ગો આસપાસના વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટોનુ અજવાળુ ન પડતુ હોવાની ફરિયાદોને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા ટ્રીમીંગ હાથ ધરાયુ છે. આ દરમિયાન પણ મોટાભાગના વૃક્ષોના ડાળાઓ પણ સુકાઈ ગયેલા હોવાથી આ તોતિંગ અને જોખમી ડાળાઓની પણ કટોતી કરવામાં આવી છે. જયારે વનતંત્ર દ્વારા શહેરમાં સુકા અને ઉભા જોખમી વૃક્ષોનુ માર્કીંગ પણ કરવામાં આવી રહ્યુ હતુ. છેલ્લા ઘણાં સમયથી સુકા અને જોખમી વૃક્ષોનો તાગ મેળવવા માટે વનતંત્ર દ્વારા સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. શહેરમાં સમયાંતરે સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવે છે.વરસાદી દિવસો દરમિયાન જોખમી વૃક્ષો જમીનદાસ્ત થતા હોવાનુ પણ ધ્યાને આવે છે. જેના લીધે ઘણીવાર આ પ્રકારના જોખમી વૃક્ષો જાનલેવા પણ પુરવાર થયા હોવાના કિસ્સા છે. આવા સંજોગોમાં આ જોખમી

● અનુસંધાન પાન-૭ પર

# અન્ડરપાસની કામગીરીને અનુલક્ષીને શહેરમાં ટ્રાફિકનો સિનારીયો બદલાશે

## ઘ-૪ અને ગ-૪ ખાતે ટ્રાફિકને ડાયવર્ટ કરવા જાહેરનામું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના હાર્દ સમા વિસ્તાર ઘ-૪ અને ગ-૪ ખાતે અંડરપાસ રોડ બનાવવામાં આવનાર છે. આ કામગીરી માટે ટ્રાફિક નિયમન, પાર્કિંગ વ્યવસ્થા તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે વાહન વ્યવહારનું ડાયવર્ઝન આપતું જાહેરનામું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી એચ.એમ.જાડેજાએ જણાવ્યું છે કે, ઘ – રોડ ઉપર ઘ-૪ ખાતે અંડરપાસ રોડ બનશે. ગ- રોડ ઉપર પણ ગ-૪ પાસે રોડ બનાવવાનો છે. આ કામગીરી માટે ટ્રાફિક નિયમન, પાર્કિંગ વ્યવસ્થા તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેરનામા તા. ૦૭ ડિસેમ્બર, ૨૦૧૯ થી છ માસ સુધી ઘ- રોડ પરના ઘ-૪ થી ઘ-૩, ઘ-૫ સુધી તથા ગ- ૪-૫ ઘ-૪ સર્કલથી બંને બાજુ ૪૦૦-૪૦૦ મીટર (ઉત્તર-દક્ષિણ) થી સેકટર-૧૬ કટ પાસેથી ગ-૩-૫, ૧૨/૧૩ ક્રોસ રોડ સુધી તમામ વાહન વ્યવહારના પ્રવેશ પર પ્રતિબંધ કરવા તેમજ વૈકલ્પિક માર્ગ પર વાહન વ્યવહાર ને ડાયવર્ટ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

છ માસ દરમ્યાન વાહન વ્યવહારનું ડાયવર્ઝન કરવામાં આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૧૮ હજાર ખેડૂતોને આજે કૃષિ સહાય પેટે રૂ. ૭ કરોડથી વધુ રકમ ચુકવાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લામાં કૃષિ સહાય મેળવા માટે અત્યાર સુધીમાં ૪૩ હજારથી વધુ ખેડૂતોએ તેમની અરજીઓ રજુ કરી દીધી છે જેની ચકાસણીની કામગીરી હાલ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

કમોસમી વરસાદ પછી કૃષિને થયેલ નુકશાનને ધ્યાને રાખી સરકારે કૃષિ પેકેજની જાહેરાત કરી હતી. જિલ્લાના ૧૧૬ ગામોમાં એક ઈંચ કરતાં વધારે કમોસમી વરસાદ થયો હતો તે ગામોના ખેડૂતોને રૂ. ૬૮૦૦ લેખે તથા અન્ય ખેડૂતોને રૂ. ૪ હજાર લેખે સહાય આપવાની જાહેરાત કરી છે.

રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને કૃષિમંત્રી શ્રી આર.સી. ફળદુએ ૨૫મી ડિસેમ્બરથી આ સહાય ચુકવણીની કામગીરી શરૂ કરાશે તેવી જાહેરાત કરી છે. જો કે આ માટે અરજી કરવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર નિયત કરેલ છે.

**જિલ્લામાં કૃષિ સહાય મેળવવા માટે ૪૩ હજારથી વધુ ખેડૂતોએ અરજીઓ કરી છે, સહાય માટે અરજીની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર છે**

ખેતીવાડી તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં મળેલ અરજીઓ પૈકી ૧૮ હજાર જેટલી અરજીઓની ચકાસણી સંપન્ન થઈ ચુકી છે અને આ ખેડૂતોનો બુધવારની સાંજ સુધીમાં રૂ. ૭ કરોડથી વધુ સહાય તેમના ખાતાઓમાં સીધી જમા આપવામાં આવશે. આ માટેની પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં છે.

આ પછી આ કામગીરી ચાલુ જ રહેશે અને જેમ જેમ ચકાસણી પ્રક્રિયા સંપન્ન થશે તેમ તેમ ચુકવણીના હુકમો કરવામાં આવશે. જાન્યુઆરીના અંત સુધીમાં લગભગ તમામ અરજદારોને તેમની સહાય ચુકવી આપવામાં આવશે.

જિલ્લામાં આ અંગેની અરજીઓ સ્વીકારવાની કામગીરી ચાલુ જ છે. ૪૩ હજારથી વધુ ખેડૂતો રજીસ્ટ્રેશન કરાવી ચુકયા છે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.


## ભાવભીની ભાવાંજલિ

ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ ભાવાંજલિ

ભાવાંજલિ



મુ. ઈટાદરા
તા. માણસા
જી. ગાંધીનગર



**માતૃશ્રી સ્વ.મોતીબા**
સ્વ. તા. ૨૫/૧૨/૨૦૧૫

પિતાની વહેલી વિદાયે બધાંને નિરાધાર કર્યા, ત્યારે તમોએ મા અને બાપની બેવડી ભૂમિકા નિભાવી, ઉપર આભ અને નીચે ધરતી સિવાય કોઈ નહોતુ, ત્યારે તમો તમારો અને અમારો આધાર થયાં, શુરવીરને પણ શરમાવે તેવી શૂરવીરતા દાખવી ઈતિહાસ રચ્યો, અથાગ પરિશ્રમથી કુટુંબને સ્વર્ગ બનાવી, સ્વર્ગ અમને સોંપી ખાલી હાથે ચાલ્યાં ગયાં, ન ભરપાઈ થઈ શકે તેવું અહેસાન કરી, સ્વર્ગે સિધાવ્યા, અહેસાન ચુકવવાનો મોકો ના આપ્યો એનો અમને અફસોસ છે, આગલા જનમમાં દયા કરી ફરી અમારી મા બનજો, અહેસાન ચૂકવવાનો અવસર આપી અમારી ઉપર ઉપકાર કરજો.

**પિતાશ્રી સ્વ. આત્મારામ બાપા**
સ્વર્ગવાસ વર્ષ - ૧૯૬૨

જનમ આપી ચાલ્યા ગયા,
માએ મથી મોટા કર્યા,
માને ધન્યવાદ, બાપુને પ્રણામ

પ્રભુ આપના દિવ્ય આત્માઓને પરમ શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના....

આપના સ્નેહીજનો

ઈશ્વરભાઈ આત્મારામ પરમાર — જશોદાબેન ઈશ્વરભાઈ પરમાર
નારણભાઈ આત્મારામ પરમાર — ઉષાબેન નારણભાઈ પરમાર
શ્વેતલ ઈશ્વરભાઈ આનંદ — જિજ્ઞા શ્વેતલ આનંદ
ચંદ્રેશ ઈશ્વરભાઈ આનંદ — અનિતા ચંદ્રેશ આનંદ
બ્રિજેશ નારણભાઈ અમીન — જ્યોતિકા બ્રિજેશ અમીન
ગૌરાંગ નારણભાઈ અમીન — અસ્મિતા ગૌરાંગ અમીન
અમૃતભાઈ મૂળજીભાઈ પરમાર — મંજુલાબેન અમૃતભાઈ પરમાર
હિરેન અમૃતભાઈ દિક્ષિત — હિરલ હિરેન દિક્ષિત

● પ્રિન્સ ● કિઆ ● તિશા ● આર્યા ● જૈનમ ● કથન ● વંદના ● મનિષા ● જિજ્ઞેશ

**સમગ્ર પરમાર પરિવાર**

નિવાસસ્થાન : 'શ્વેત-ચંદ્ર' પ્લોટ નંબર : ૪૬૩/૧, સેક્ટર-૭બી, ગાંધીનગર
● મો. ૯૯૨૪૬ ૧૮૯૭૪ ● વોટ્સએપ નં. ૯૭૧૨૯૬૭૬૨૬







# આગામી બ્રહ્મ બિઝનેસ સમિટને અનુલક્ષી બ્રહ્મસમાજના આગેવાનોની બેઠક મળી

## ગાંધીનગર બ્રહ્મસમાજ તમામ મદદ કરશે : પ્રમુખ પિનાકીન રાવલ

ગાંધીનગર તા ૨૪

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી દિવસોમાં બ્રહ્મ બિઝનેસ સમિટ અને બ્રહ્મ ગૌરવ એવોર્ડના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવનાર છે. ત્યારે આ આયોજનનો વધુ સફળ અનેઅશરકારકબનાવવા માટે ગાંધીનગરમાં બ્રહ્મસમાજના આગેવાનોની એક બેઠક મળી હતી. આ દરમિયાન ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલે પણ શહેર વતી તમામ મદદ કરવાની ખાત્રી આપી હતી. સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા આગામી દિવસોમાં ગાંધીનગરમાં રાજયકક્ષાની બિઝનેસ સમિટ તેમજ બ્રહ્મગૌરવ એવોર્ડનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જયારે આ આયોજન અન્વયે બ્રહ્મસમાજના આગેવાનોની એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં સલાહકાર કનૈયાલાલ પંડયા, ભરતભાઈ રાવલ, પ્રદીપભાઈ રાવલ, ભુપેન્દ્રભાઈ , રાકેશ પાઠક સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જયારે



મહામંત્રી તેમજ કન્વીનર યજ્ઞેશભાઈ દવે , ઉપપ્રમુખ અશ્વિન ત્રિવેદી, મુખ્ય સંગઠક કમલેશ વ્યાસ , નિશિત વ્યાસ, ડિમ્પલબેન રાવલ, દિવ્ય ત્રિવેદી, છાયાબેન ત્રિવેદી, કેતનભાઈ ઉપાધ્યાય, ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલે ગાંધીનગર શહેર વતી તમામ મદદ કરવાની ખાતરી આપી હતી. બેઠકના અંતે નરેશભાઈએ આભાર વિધી કરી હતી.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com